Done

"સાંજ સમાચાર"
તારીખ:- ૨૦|૧૨|૨૧







# ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ હિમાલયન મેડિટેશનની શિબિર યોજાઈ

## મહર્ષિ શિવકૃપાનંદ સ્વામીનાપરમ સાંનિધ્યમાં એક હજાર જેટલા લોકોએ હિમાલયન ધ્યાન અંગે માર્ગદર્શન મેળવ્યું.

રાજકોટ,તા,૨૦

BAOUના ખાતે મહર્ષિ શિવકૃપાનંદ સ્વામીની હિમાલયન મેડિટેશન શિબિર યોજાઈ રાજ્યની એક માત્ર ઓપન યુનિવર્સિટી - ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ (BAOU) કુલપતિ પ્રો.ડો. અમી ઉપાધ્યાયના નેતૃત્વ અને માર્ગદર્શનમાં શૈક્ષણિક ઉપરાંત સાહિત્યિક, સાંસ્કૃતિક અને સામાજિક પ્રવૃત્તિઓમાં પણ સતત સક્રિય રહે છે. BAOUના બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્ય જયેશભાઈ વ્યાસના વિશેષ પ્રયાસોના પરિણામે શિવકૃપાનંદ સ્વામી ફાઉન્ડેશનના સહયોગથી BAOU ખાતે ૧૯મી ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ રવિવારે હિમાલયન મેડિટેશનની શિબિર યોજાઈ. જેમાં મહર્ષિ શિવકૃપાનંદ સ્વામીનાપરમ સાંનિધ્યમાં એક હજાર જેટલા લોકોએ હિમાલયન ધ્યાન અંગે માર્ગદર્શન મેળવ્યું.

સ્વાગત પ્રવચનમાં BAOUના કુલપતિ પ્રો.ડો. અમી ઉપાધ્યાયે જણાવ્યું કે શિક્ષણ માત્ર અક્ષરજ્ઞાન નથી પરંતુ જીવનની કેળવણી છે, જેમાં આંતરિક કેળવણી પણ અત્યંત જરૂરી છે.ધ્યાન અને સમર્પણ આપણને ખુદને શોધવાનો માર્ગ છે.

મહર્ષિ શિવકૃપાનંદ સ્વામીએ જણાવ્યું કે યોગનું ક્ષેત્ર વિશાળ છે, તે યોગાસન પૂરતું સીમિત નથી. આપણા દેશના પ્રયાસોને કારણે આજે આખી દુનિયામાં યોગ દિવસની ઉજવણી થઈ રહી છે, માત્ર ૪૫ દિવસ રોજ અડધી કલાક ધ્યાન કરશો તો તમારું જીવન બદલાઈ જશે.

શિબિરના અંતમાં ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલસચિવશ્રી ડો. ભાવિનભાઈ ત્રિવેદી દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.